C.C. NO.809/2021
&
C.C. NO.789/2023

દાખલ તારીખ :– ૧૦/૦૬/૨૦૨૧
રજી. તારીખ :– ૧૦/૦૬/૨૦૨૧
ફેસલ તારીખ :– ૦૭/૦૭/૨૦૨૬
સમય મર્યાદા :– વર્ષ–માસ–દિવસ
૦૫– ૦૦– ૨૭

**<u>સાંતલપુરના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.વારાહી.</u>**

ફોજદારી કેસ નં.૮૦૯/૨૦૨૧
આંક : ૯૦

ફરીયાદી : શ્રી સ ર કા ર

**વિ રૂ ઘ્ઘ**

આરોપીઓ : (૧) જાડેજા બહાદુરસિંહ ઉકજી જશુભા, ઉ.વ.૨૪,
રહે. ઝઝામ, તા.સાંતલપુર, જી. પાટણ.
(૨) નાઈ આશીકભાઈ માદેવભાઈ પરખાભાઈ, ઉ.વ.૨૩,
રહે.કિલાણા, તા.સાંતલપુર, જી. પાટણ.
(૩) રાવળ બાબુભાઈ માવજીભાઈ જકશીભાઈ, ઉ.વ.૨૯,
રહે.કોરડા, તા.સાંતલપુર, જી. પાટણ.

**ગુનો :– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ.**

---

સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.શ્રી બી.જી.કેલા
આરોપીઓ તરફે : વિ.વકીલ શ્રી એચ.એસ.થેબા

---

C.C. NO.809/2021
&
C.C. NO.789/2023

દાખલ તારીખ :– ૨૪/૦૮/૨૦૨૩
રજી. તારીખ :– ૨૪/૦૮/૨૦૨૩
ફેસલ તારીખ :– ૦૭/૦૭/૨૦૨૬
સમય મર્યાદા :–વર્ષ–માસ–દિવસ
૦૨– ૧૦– ૧૩

**<u>સાંતલપુરના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.વારાહી.</u>**

ફોજદારી કેસ નં.૭૮૯/૨૦૨૩

ફરીયાદી : શ્રી સ ર કા ર

**વિ રૂ ઘ્ધ**

આરોપી : ભરતભાઈ કરશનભાઈ રાજપુત, ઉ.વ.૨૮,
રહે.જેતડા, તા.થરાદ, જી.બનાસકાંઠા.

**ગુનો :– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ.**

---

સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.શ્રી બી.જી.કેલા
આરોપી તરફે : વિ.વકીલ શ્રી એચ.એસ.થેબા

---

**–:: સંયુકત ઠરાવ ::–**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પોતાના સહ આરોપી સાથે પોતાની રીક્ષા તેમજ મોટર સાયકલ નંબર વગરનું માં વિદેશી દારૂ ભારતીય બનાવટનો વગર પાસ પરમીટનો બોટલ નંગ–૪૨૨ રૂ.૪૨૨૦૦/– નો તથા નંબર વગરની રીક્ષા બજાજ મેક્ષીમા લોડીંગ રીક્ષા રૂ.૧,૨૫,૦૦૦/– ની માં રાખી કુલ રૂા.૧,૬૭,૨૦૦/– ના મુદામાલની હેરાફેરી દરમ્યાન નંબર વગરની મો.સા. રૂા.૨૫,૦૦૦/– નું લઈ પાયલોટીંગ કરી ગુન્હો કરવામાં મદદગારી કરી ગુનો કરેલ, તે મતલબની ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા, તે અંગે પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર થતા, તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી લાગતા વળગતા સાહેદોના

નિવેદનો નોંધી, જરૂરી પંચનામું કરી, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલતમાં ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ.

(૨) ત્યારબાદ આરોપી ભરતભાઈ કરશનભાઈ રાજપુતનાઓની અટક થતા તપાસ ના અંતે પુરતો પુરાવો જણાતા તપાસ કરનાર અમલદારશ્રીએ તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ જે ગુનાનું સંજ્ઞાન લીધા બાદ તે ફોજદારી કેસ નં.૭૮૯/૨૦૨૩ થી નોંધાયેલ.

(૩) આરોપીઓને ધારા ધોરણસર પ્રોસેસની બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ. ફોજદારી કેસ નં. ૮૦૯/ ૨૦૨૧ ના કામે આરોપીઓને પ્રોસેસ બજતા, ત્યારબાદ આ કામના આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા, આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓ અંગે તહોમતનામું ઘડી તેઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવતા આરોપીઓએ આંક–૧૩ થી ૧૫ સુધીના નિવેદનથી ગુનાનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરેલ. તે જ રીતે, ફોજદારી કેસ નં. ૭૮૯/ ૨૦૨૩ ના કામે આરોપી વિરૂધ્ધ આંક–૩ થી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુના અંગેનું તહોમતનામું ઘડી તેઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવતા આરોપીએ આંક–૪ ના નિવેદનથી ગુનાનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ સદર કામ ફરીયાદ પક્ષ તરફથી સાહેદોનો પુરાવો રજુ કરવાના તબકકે મુલત્વી રાખવામાં આવેલ.

(૪) ત્યારબાદ, આરોપીઓ તરફે આંક–૧૮ થી ફોજદારી કેસ નં.૮૦૯/૨૦૨૧ (મુખ્ય કેસ) અને ફોજદારી કેસ નં.૭૮૯/૨૦૨૩ (પુરવણી ચાર્જશીટ) કોન્સોલીડેટ કરી એક સાથે ચલાવવા અરજી આપતા, અમારા પુરોગામી વિ.મેજીસ્ટ્રેટશ્રીએ બન્ને પક્ષને સાંભળી અરજી મંજુર કરી ફોજદારી કેસ નં.૮૦૯/૨૦૨૧ ને મુખ્ય કેસ ગણી તેમાં પુરાવો સંયુકત રીતે નોંધવાનો તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ.

(૫) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :**

| આંક | નામ | વિગત |
|---|---|---|
| આંક–૧૩ | જોરૂભા હુસેનખાન મલેક ની જુબાની | પંચ સાહેદ |
| આંક–૧૫ | મગનજી અરજણજી ઠાકોર ની જુબાની | પંચ સાહેદ |
| આંક–૧૮ | પરબતભાઈ વિરમભાઈ ની જુબાની. | ફરીયાદી |
| આંક–૩૭ | ભરતભાઈ વશરામભાઈ ચૌધરી ની જુબાની. | સાહેદ. |
| આંક–૪૨ | ભરતભાઈ માનાભાઈ ચૌધરી ની જુબાની | સાહેદ |
| આંક–૪૭ | રમેશભાઈ કાનજીભાઈ ની જુબાની | સાહેદ |
| આંક–૫૧ | સુરેશભાઈ રત્નાભાઈ ચૌધરીની જુબાની | ત.ક.અધિકારી |
| આંક–૬૨ | મુકેશભાઈ મહેશભાઈ માળીની જુબાની | ત.ક.અધિકારી |
| આંક–૭૪ | મકવાણા મગનભાઈ અરજણભાઈ ની જુબાની | પંચ સાહેદ |
| આંક–૭૫ | જયદેવભાઈ ધીરજીભાઈ ગઢવી ની જુબાની | સાહેદ |

**દસ્તાવેજી પુરાવો :**

| આંક | વિગત |
|---|---|
| આંક–૧૪ | મુદામાલ કબજે કર્યા અંગેનું પંચનામું. |
| આંક–૧૯ | ફરીયાદ |
| આંક–૫૨ | રવાનગી પત્ર અને સતા અંગેનું પ્રમાણપત્ર |

(૬) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ કેસનું રેકર્ડ જોઈ તપાસી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. જેથી ફરીયદ પક્ષે આ સિવાય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ કેસનું રેકર્ડ જોતા આરોપીઓ વિરૂધ્ધ પુરાવો રજુ થયેલ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમના વિરૂધ્ધ રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું જણાવી તેઓ નિર્દોષ હોવાનો અને તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનો બચાવ લીધેલ છે અને તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહી હોવાનું જણાવેલ છે.

(૭) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક દલીલોમાં એફ.એસ. મુજબના પુરાવાની રજુઆત કરતા મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આ કામે પંચ સાહેદે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પોલીસ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે. પોલીસ સાહેદોની જુબાની ન માનવા કોઈ કારણ નથી. ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ થયેલ છે. જેથી આરોપીઓને નસીહતે પહોંચાડી સજા કરવી જોઈએ.

જયારે બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ રેકર્ડ પરના પુરાવા મુજબની રજુઆત કરતા મુખ્યત્વે એવી દલીલો કરેલ છે કે, આ કામે પંચ સાહેદ ફરી ગયેલા છે અને ફરીયાદ પક્ષ ધ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી ફકત પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીઓ તકસીરવાન ઠરતો ન હોય, જેથી આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓ પોતાના સહ આરોપી સાથે પોતાની રીક્ષા તેમજ મોટર સાયકલ નંબર વગરનું માં વિદેશી દારૂ ભારતીય બનાવટનો વગર પાસ પરમીટનો બોટલ નંગ–૪૨૨ રૂ.૪૨૨૦૦/– નો તથા નંબર વગરની રીક્ષા બજાજ મેક્ષીમા લોડીંગ રીક્ષા રૂ.૧,૨૫,૦૦૦/– ની માં રાખી કુલ રૂા.૧,૬૭,૨૦૦/– ના મુદામાલની હેરાફેરી દરમ્યાન નંબર વગરની મો.સા.

રૂા.૨૫,૦૦૦/- નું લઈ પાયલોટીંગ કરી ગુન્હો કરવામાં મદદગારી કરી આરોપીઓ એ પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. ૧ :**

**(૧૦)** ફોજદારી ન્યાય શાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાથી કોઈપણ જાતની શંકારહિત પુરવાર કરવાનો હોય છે. જયારે ફરીયાદ પક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપી પક્ષને આપવાનો હોય છે. ફરીયાદ પક્ષે જે મુજબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે, તે કેસના કોઈપણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં પણ ફરીયાદ પક્ષના પુરાવા પરથી ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

ઉપરોકત સિધ્ધાંત ધ્યાનમાં લેતા, આ કામે જયારે આરોપીઓ વિરૂધ્ધ બોમ્બે પ્રોહીબીશન એકટ મુજબના ગુનાનું તહોમત છે ત્યારે આ તહોમત સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત સાબિત કરવી પડે કે, આ કામના આરોપીઓએ ગુજરાત પ્રોહી. એકટની જોગવાઈઓનો ભંગ કરી ગેરકાયદેસર રીતે કેફી પદાર્થ/કેફી પદાર્થ બનાવવાના સાધનો પોતાના કબજામાં રાખેલ છે/વેચાણ કરેલ છે.

**(૧૧)** પુરાવાના કાયદાના સ્થાપિત સિધ્ધાંતો તેમજ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો નજર સમક્ષ રાખી આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ અને તુલનાત્મક મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવવાળા સ્થળેથી

વિદેશી દારૂ વગર પાસ પરમીટનો મળી આવેલ હતો. જેથી આ કામે આંક–૧૪ થી રજુ થયેલ મુદામાલ કબજે કર્યાનું પંચનામું મહત્વનું બની જાય છે. આ પંચનામું સાબિત કરવા ફરીયાદ પક્ષ ધ્વારા પંચ સાહેદોને આંક–૧૩ તથા ૧૫ થી તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ પંચનામામાં ફકત પોતાની સહી સિવાય અન્ય કોઈ હકીકત સ્વીકારેલ નથી. આ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને કોઈ સમર્થન આપેલ ન હોય, તેઓને ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી વિ.એ.પી.પી. શ્રીને આપવામાં આવેલ હતી. પરંતુ તેમ છતાં પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલા નથી. જેથી આ કામે મહત્વનું કહી શકાય તેવુ મુદામાલ કબજે કર્યાનું પંચનામું ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી.

**(૧૨)** આ કામના ફરીયાદીએ આંક–૧૮ ની જુબાનીમાં પોતાની ફરીયાદ અનુરૂપ જુબાની આપવા પ્રયાસ કરેલ છે. તેઓ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ફરીયાદી તેઓએ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલાવી, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા આરોપીઓ સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ લક્ષમાં લેવામાં આવે તો, તેઓ એ વાત સ્વીકારે છે કે, બનાવ સમયે અંધારૂ હતું અને કહેવાતા વાહનના ચાલક અંધારાનો લાભ લઈ નાસી ગયેલા તેઓને અમો તથા કોઈ પોલીસ સ્ટાફના માણસોએ ઓળખેલ નહી. મુદામાલ કબજે કર્યા તે સમયે ત્યાં આરોપીઓની હાજરી હતી નહી. તેઓને નાઈટ પેટ્રોલીંગમાં હોઈ ગુનો બનતા અટકાવવાની તેઓની મુખ્ય ફરજ છે તેમ જણાવેલ છે. તેમજ આંક–૫૧ થી ત.ક. અધિકારીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ લક્ષમાં લેવામાં આવે તો, તેઓ એ વાત સ્વીકારે છે કે, બનાવ સમયે રાત્રીનો સમય હતો અને અંધારુ હતુ. કહેવાતી જગ્યાની ચર્તુસીમા તેઓને હાલ નથી. તેમજ આંક–૩૭, ૪૨, ૪૭ તથા ૭૫ ના સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેવામાં આવે તો, તેઓ એ વાત સ્વીકારે છે કે, બનાવ સમયે અંધારુ હોય તેઓએ કોઈ ઈસમને જોયેલા કે ઓળખેલા નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદીને આ કામે

કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વિદેશી દારૂ કઈ મેન્યુફેકચરીંગ ડેટનો, કઈ એકસાપાયરી ડેટ અને કઈ કંપનીનો હતો તે અંગેની માહિતી હોય, તેમ જણાય આવતુ નથી. આમ, વિદેશી દારૂ આરોપીઓની પ્રત્યક્ષ હાજરીમાં કે તેમના કબજામાંથી કબજે થયેલાનું માની શકાય તેમ નથી. તેમજ આ ગુનાની એફ.આઈ.આર. વંચાણે લેતા, તેમાં સદર બનાવ તા.૧૨/૭/૨૦૧૯ ના રોજ બનેલાનું અને વિદેશી દારૂ મોજે ઝેકડા ગામ તરફ થી એક નંબર વગરની લોડીંગ રીક્ષાનો ચાલક ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી નિકળનાર છે. સદર લોડીંગ રીક્ષાની નજીક જઈ જોતા ઝડતી તપાસ કરતા રીક્ષાની પાછળના ભાગે કપડાની જીન્સના પેન્ટમાંથી તાડપત્રી બનાવેલી હતી તેમાંથી મળી આવેલાનું જણાવેલ છે. આમ, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વિદેશી દારૂ રીક્ષામાંથી માંથી કબજે થયેલ છે. પરંતુ રીક્ષાના નંબર તેમજ રીક્ષાની માલિકીના આધાર પુરાવા આ કામે રજુ કરેલા નથી. વધુમાં ફરીયાદપક્ષ દવારા આ કામે તેવા કોઈ અન્ય તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી કે તેમને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી.

**(૧૩)** ઉપરોકત હકીકત જોતા ફરીયાદીએ મહદ:અંશે ફરીયાદ પક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી ધ્વારા રેડીંગ પાર્ટીના સિવાયના કોઈ નિવેદન આ કામે લીધેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં કે ચાર્જશીટમાં જણાવેલ નથી. જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, પંચનામુ એ સબસ્ટેન્સીયલ પીસ ઓફ એવીડન્સ નથી અને કોરોબ્રેટીવ પીસ ઓફ એવીડન્સ છે અને પંચનામુ માત્ર પંચ સાહેદની જુબાનીના સમર્થનમાં જોઈ શકાય. પરંતુ આ કામે જયારે પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદ પક્ષ બનાવવાળા સ્થળેથી પ્રોહીબીટેડ મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ તબકકે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ સુરેશભાઇ પટેલ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પણ જયારે પંચ સાહેદે પંચનામાની વિગતોને સમર્થન કરેલ ન હોય ત્યારે આવા પુરાવા પર આધાર રાખી શકાય નહી.

(૧૪) વધુમાં રેકર્ડ જોતા, બનાવવાળા સ્થળ ઉપરથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ નિવેદન તેવા વ્યકિતના લેવામાં આવેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ મુજબ પુરાવાની ગુણવતા મહત્વની છે, પુરાવાનો જથ્થો મહત્વ ધરાવતો નથી. પરંતુ આ કામે ફરીયાદ હકીકતને કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનથી સમર્થન મળતુ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટેના હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજય, અપીલ (ક્રિમીનલ) ૯૫૭ / ૧૯૯૮, તા.૨૯/૩/૨૦૦૫ વાળો ચુકાદો માનસહ વંચાણે લેતા તેમાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહસ તપાસવા માટે કોઈ ખુલાસો પણ કરેલ ન હોય તેમજ અન્ય કોઈ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

(૧૫) આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાના તત્વો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની ફરીયાદ પક્ષની એ ફરજ છે કે, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કેફી પદાર્થ/દારૂ છે તે પુરવાર કરે. હાલના કેસમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા એફ.એસ.એલ. મુદ્દામાલ પૃથ્થકરણ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. જેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એ વિદેશી દારૂ હતો કે કેમ, તે નકકી થતુ નથી.

(૧૬) વધુમાં, ફરીયાદ પક્ષે આ કામે પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ પણ રજુ કરેલ નથી. તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને આવા નિવેદન શા માટે લીધેલ નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. વધુમાં, જે સ્થળેથી પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ, તેની માલિકી અંગેના પુરાવામાં ફરીયાદપક્ષ તરફથી આ કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, આ સંજોગોમાં એક માત્ર ફરીયાદી તથા પોલીસ સાહેદો કે રેડીંગ પાર્ટીના સભ્યો છે તેમના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા થઈ શકે તેવો હાલનો આ કેસ નથી. આમ રેકર્ડ પરનો સમગ્ર પુરાવો તથા તેના સંદર્ભમાં કરેલ ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર થઈ શકે તેવો વિશ્વસનીય પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ ન હોય, આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે. જેથી આરોપીઓને સદર ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

સબબ ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર અંગે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામના આરોપી નં.(૧) જાડેજા બહાદુરસિંહ ઉકજી જશુભા, ઉ.વ.ર૪, રહે. ઝઝામ, તા.સાંતલપુર, જી. પાટણ, (ર) નાઈ આશીકભાઈ માદેવભાઈ પરખાભાઈ, ઉ.વ.ર૩, રહે.કિલાણા, તા.સાંતલપુર, જી. પાટણ, (૩) રાવળ બાબુભાઈ માવજીભાઈ જકશીભાઈ, ઉ.વ.ર૯, રહે.કોરડા, તા.સાંતલપુર, જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬પ(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬(બી), ૮૧, ૯૮(ર) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપી ભરતભાઈ કરશનભાઈ રાજપુત, ઉ.વ.ર૮, રહે.જેતડા, તા.થરાદ, જી.બનાસકાંઠાવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬પ(એ)(ઈ), ૬૭(૧)એ, ૧૧૬ (બી), ૮૧, ૯૮(ર) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરેલ મુદ્દામાલ બજાજ કંપનીની લોડીંગ રીક્ષા તથા મોટર સાયકલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ શરતો મુકત કાયમ રાખવામાં આવે છે અને જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો આ કામે કબજે કરેલ મુદ્દામાલ બજાજ કંપની ની લોડીંગ રીક્ષા તથા મોટર સાયકલની માલિકી

અંગેના પુરાવા લઈ તેના માલિક ને તે અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

- અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ દારૂ તેના યોગ્ય નિકાલ માટે સેન્ટ્રલ એકસાઈઝ ખાતાને મોકલી આપવો. જો અપીલ થાય તો અપીલના હુકમને આધિન અમલ કરવો.
- પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના નામદાર એપેલટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે છ માસ સુધીની મુદત માટેના રૂા.૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકા કરી આપવા.

હુકમ આજ રોજ તા.૦૭, માહે : જુલાઈ, સને ૨૦૨૬ ના દિને ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સાહીથી જાહેર કર્યો.

તા.૦૭/૦૭/૨૦૨૬
વારાહી.

(એચ.જે.ગઢવી)
કોડ નં.જીજે ૦૧૫૧૯
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સાંતલપુર, મુ.વારાહી.

//ડી.આર.ગરવા//